November 2022

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal

Year 18 ● Issue 2 / 201
● Mumbai ● Page 24 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

**દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

મારા પ્યારા સ્નેહી, સ્વજનો, મિત્રો

પ્રણામ !

વિક્રમ સંવત ૨૦૭૯ના વર્ષમાં નવા જુસ્સા અને સંકલ્પો સાથે આપણે ફરીથી નવા કદમ મુકી રહ્યા છીએ. ત્યારે વર્ષ ૨૦૨૨ના કેલેન્ડરમાંથી એક પછી એક તારીખો ફાટતી જ ગઈ છે. આપ સર્વેના કરકમળમાં આ અંક આવશે ત્યારે માત્ર એક જ મહિના બાદ ન્યૂયર ૨૦૨૩નો સૂર્યોદય થવાની તૈયારી હશે. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ; **''ભગવાન અમારા સહુનું જીવન કુરુક્ષેત્ર નહીં, પણ ઉત્તમ પ્રકારનું કર્મક્ષેત્ર બની રહે.''**

નવા વર્ષની શરૂઆત આપ સર્વેની શુભેચ્છા અને સાથ-સહકારથી ખુબજ સારી થઈ છે. દિવાળી બાદ પહેલો જ પ્રોગ્રામ ભાઈબીજનો **તા. ૬ નવેમ્બર, ૨૦૨૨ના** રોજ ગરવારે ક્લબમાં આયોજીત કરવામાં આવ્યો હતો. લગભગ ૮૫૦ થી વધારે પરિવારજનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રોગ્રામ સમિતિના કન્વિનર તથા સંસ્થાના **ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ એમ. શાહ, શ્રી કલ્પેશભાઈ આર. ઝવેરી તથા શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહે** ખૂબજ મહેનત કરી કાર્યક્રમને સફળતા અપાવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન **ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો) રૂા. ૩૧ લાખ, શ્રી બિપિનચંદ્ર રમણલાલ ઝવેરી (રાણીવાલા) રૂા. ૧૧ લાખ (ખડાખોટડીનો પાડો), શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો) રૂા. ૯ લાખ, શ્રી અતુલભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)ના સ્મરણાર્થે રૂા. ૯ લાખ, શ્રી કમલેશભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી) રૂા. ૫ લાખ તેમજ શ્રીમતી દમયંતિબેન મંગળભાઈ શાહ પરિવાર (લખિયારવાડો) રૂા. ૫ લાખ** ઈત્યાદિ તરફથી સમાજ ઉત્કર્ષ, મેડિકલ તથા સિદ્ધહેમ જ્ઞાનપીઠ પ્રવૃત્તિઓ માટે રૂા. ૭૦ લાખ દાનના વચનો મળેલ તે બદલ તેઓનું ઋણ સ્વીકારું છુ.

**તા. ૧૬ ઓક્ટોબર-૨૦૨૨, રવિવારના** રોજ સહારા સ્ટાર હોટલ, પાર્લા (ઈ) ખાતે સવારના ૧૦ કલાકે થી સાંજના ૭ કલાક સુધી શ્રી પાટણ જૈન મંડળનો ધમાકેદાર, શાનદાર **'ટ્રેડફેર ૨૦૨૨'નો** કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં વિવિધ આઈટમના ૧૨૦ થી વધારે સ્ટોલો રાખવામાં આવ્યા હતા. અંદાજીત ૫૩૦૦થી વધારે લોકોએ ટ્રેડફેરની મુલાકાત લીધી હતી. સમાજનાં લોકોનો ખૂબ જ ઉત્સાહ જોવા મળતો હતો, આ જ અવસરે **'જીવન મહેક સમિતિ'** દ્વારા ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ અને ટીમના અન્ય સભ્યો તરફથી સમાજનાં યુવા-યુવતીઓ માટે Meet-to-Meet નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ટ્રેડફેરમાં લોકોએ સારો વેપાર કર્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ, મંત્રી શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી નિખીલભાઈ બેન્કર, શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ, શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ** વિગેરે ટીમના સભ્યોએ બહુ જ સારી મહેનત કરીને ટ્રેડફેર-૨૦૨૨ને જોરદાર સફળતા અપાવી હતી.

મિત્રો ! મારું એક સ્વપ્ન હતું કે પાટણ ખાતે પ્રાઈમરી સ્કુલનું નવું બિલ્ડીંગ નિર્માણ કરવું જેનો અંદાજિત ખર્ચ રૂા. ૫ કરોડથી અધિક છે. મને જણાવતાં ખૂબજ આનંદ થાય છે કે આ પ્રોજેક્ટ માટે આપણી જ શાળા ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ (વડોદરા) દ્વારા મુખ્ય દાતા તરીકે રૂા. ૧.૫૧ કરોડનું દાન** આપવાનું સ્વીકારેલ છે. શાળાની વિવિધ દાન યોજનાની વિગતવાર માહિતી આ અંકમાં **૫ નં.ના પાના** ઉપર આવેલી છે, આપ સહુ સ્કૂલના નિર્માણમાં ઉમદા રકમ દાનમાં આપી સહભાગી બની શકો છો.

વધુ માટે જુઓ પાના નં. ૨

**પાન નં. ૧ થી ચાલુ**

શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય પાટણનો ૭૮મો વાર્ષિક ઉત્સવ **શનિવાર તા. ૧૭ ડિસેમ્બર ૨૦૨૨ના** દિને યોજાયેલ છે, તે પ્રસંગે બહોળી સંખ્યામાં સહુને પાટણ ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. (વધુ વિગત **પાના નં. ૪**). આ પ્રસંગે મંડળની વ્યવસ્થાપક સમિતિમાં તાજેતરમાં જોડાયેલ ઉત્સાહી અને યુવા કાર્યકરોને પાટણ ખાતેની આપણી કાર્યરત વિવિધ સંસ્થાઓ અંગેની કાર્યવાહીથી માહિતગાર કરવા તા. ૧૭ તથા ૧૮ ડિસેમ્બર દરમ્યાન પાટણ સંસ્થાકિય મુલાકાતનું આયોજન કરવામાં આવેલ છે તે જણાવતા હર્ષ અનુભવું છું.

મંડળના મરીનડ્રાઈવ ખાતેના સભાગૃહમાં **તા. ૧૩ ઓક્ટોબર,૨૦૨૨ના** દિને યોજાયેલ સભામાં સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ દરમ્યાન સમાજનાં દાનવીર પરિવારો દ્વારા અપાયેલ રૂા. ૫ કરોડથી અધિક દાનના વચનોની, મેડિકલ, એજ્યુકેશન તથા સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિ ખાતે અત્યારસુધી અપાયેલ રૂપિયા અઢી કરોડથી વધુ રકમની સહાય, ઉપરાંત વિવિધ સમિતિઓ દ્વારા યોજાયેલ સમાજલક્ષી કાર્યક્રમો વિગેરેના છ માસિક કાર્યોનો અહેવાલ રજૂ કરવામાં આવ્યું હતું.

**તા. ૧૦ નવેમ્બર-૨૦૨૨ ગુરુવારના** રોજ આયોજિત વ્યવસ્થાપક સમિતિની સભામાં USA થી પધારેલા **શ્રી પાટણ જૈન મંડળ USA NFPના ટ્રસ્ટી શ્રી નિતિનભાઈ જયંતિલાલ શાહ (મહાદેવાજીની શેરી) ઉપસ્થિત રહ્યા હતા** અને મુંબઈ ખાતેની બધી પ્રવૃત્તિઓ તથા અન્ય માહિતીઓ જાણીને તેઓએ USA માંથી મોટી રકમનું ડોનેશન મળે તેવી ભાવના દર્શાવી હતી. **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ (ટ્રસ્ટી)** કુંભારીયા પાડો, તેઓએ બુકે આપી તેમનું બહુમાન કર્યું હતું.

તા. ૧૩ નવેમ્બર-૨૦૨૨ના રવિવાર સવારે ૧૦ કલાકે સંસ્થા સભાગૃહ ખાતે આપણા સમાજનાં તેજસ્વી સિતારાઓ, ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા 'પ્રતિબિંબ'ના વર્ષ ૨૦૨૧-૨૨ના ઉત્તમ લેખોનાં વિજેતાઓનું સર્ટિફિકેટ આપીને તથા વિદ્યાર્થીઓને સ્મૃતિ ચિન્હ ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. **ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)** તેઓએ **'વંદીતુ' સૂત્ર** પર પ્રાપ્ત કરેલી Ph.Dની ડિગ્રી બદલ વિશેષ બહુમાન કર્યું હતું. એજ્યુકેશન સમિતિના ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** તથા તેમની ટીમના સભ્યો **શ્રીમતી જીમ્મીબેન તરંગભાઈ શાહ, શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી નિખિલભાઈ મહેન્દ્રભાઈ શાહ** વિગેરે ખૂબ મહેનત કરી હતી. બધાજ વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન.

સમાજનાં પરિવારોને માહિતી ધરાવતા વસતી પત્રકની કાર્યવાહી ઝડપભેર આગળ વધી રહી છે, જેમાં લગભગ ૩૦૦૦ થી અધિક પરિવારો દ્વારા પોતાની માહિતી ફિઝિકલ કે ઓનલાઈન મોકલી આપવામાં આવી હતી, પરંતુ ઘણા પ્રયત્નો કરવા છતાં પણ લગભગ ૨૫૦ થી વધુ પરિવારો દ્વારા પોતાનું માહિતી ફોર્મ ભરવાની સતત અવહેલના બાદ પણ ડિજિટલ સમિતિ દ્વારા તેઓનો ફોન દ્વારા સંપર્ક સાધી માહિતી મેળવી પ્રિન્ટિગમાં મોકલવામાં આવે છે. વસતી પત્રક પ્રિન્ટીંગનું કાર્ય પૂર્ણ થતાં લગભગ ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ના મનોરંજન કાર્યક્રમ સાથે વિમોચન કરવાનું લક્ષ્ય રાખેલ છે તે જણાવતા હર્ષ અનુભવું છું.



શ્રી પાટણ જૈન મંડળ USA NFPના ટ્રસ્ટી શ્રી નિતિનભાઈ જયંતિલાલ શાહનું અભિવાદન કરતા સંસ્થાના હોદ્દેદારો




શ્રી પાટણ જૈન મંડળની જીવન નિર્વાહ સહાય યોજના ખાતે રૂા. ૩૧ લાખનું દાન આપનાર ડૉ. જશવંતલાલ મણિલાલ શાહનું અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી

## તંત્રી સ્થાનેથી...

# ઈશ્વરની મૂર્તિથી,
# ઈશ્વર ન મળે..

એક ભક્ત ખુબ જ શ્રદ્ધા અને વિશ્વાસના ભાવ સાથે મંદિરમાં દાખલ થયો, તે ચોક્કસપણે એમ માનતો હતો કે મંદિરમાં રહેલી મૂર્તિનાં દર્શન કરવા માત્રથી મને સાક્ષાત ઈશ્વરની પ્રાપ્તિ થઈ જશે અને હું જે માંગીશ તે મને મળશે. રસ્તામાં જતાં કોઈ સંત મહાત્મા સાથે તેનું મિલન થતાં, સંતે તેને કહ્યું હતું, 'તને જે જોઈએ તે ઈશ્વર આપશે પણ તું મંદિરમાં જા અને દર્શન કરી બે હાથ જોડીને વિનંતી કરી તારી ઈચ્છા બતાવજે.' તેથી આ ભક્ત માની બેઠો કે ઈશ્વર પ્રાપ્તિનો પંથ સાવ ટૂંકો છે ! એની સમીપ ઊભા રહીએ એટલે એ આપણ થઈ જાય ! એની પ્રાપ્તિ માટે દીર્ઘ સમય સુધી તીવ્ર વિરહભરી રાહ જોવી પડે, વિરહની વેદના ભોગવવી પડે એ પેલા ભક્તની જેમ આપણાં ખ્યાલમાં આવતું નથી.

કેવી વિડંબના છે અને વિચિત્રતા છે કે આપણી યોગ્ય પાત્રતા કેળવાઈ નથી અને એવું માનીએ છીએ કે દીર્ઘકાળથી ઈશ્વર મૂર્તિ રૂપે આપણી રાહ જોઈને ઊભો છે જે માંગશું તે મળી જશે આ વિચાર, આ માન્યતામાં પાયાની ભૂલ છે. ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ તો ખુબ જ લાંબો અને વિકટ છે. એની પ્રાપ્તિ એટલી સહજ નથી. 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ' આ મારગ અખંડ સાધના, આંતરિક વીરતા, સંયમ અને ધીરજનો માર્ગ છે.

સ્કૂલમાં ભણતો નાનો કેજીનો બાળક એના અભ્યાસમાં ક્રમસર પ્રગતિ કરે છે. સ્કૂલમાંથી હાઈસ્કૂલ અને ત્યાંથી કોલેજ અને યુનિર્વસિટિમાંથી માસ્ટર્સની ડીગ્રી મેળવી જેમ જેમ બાહ્ય વિકાસ કરતો જાય છે. શરીરથી, મનથી, શક્તિથી ક્રમશઃ વિકાસ પામે છે, સફળતા મેળવતો જાય છે અને અંતમાં એક સ્થાન નક્કી કરી લે છે એ જ રીતે ઈશ્વરની પ્રાપ્તિ માટે ક્રમબદ્ધ પ્રયાસો કરવાં જ પડે છે. આ પ્રયાસો એ ભૌતિક નથી ઈશ્વર ને પ્રાપ્ત કરવા અધ્યાત્મિક વિકાસ કરવો અનિવાર્ય છે. આધ્યત્મિક વિકાસ એટલે વ્યક્તિના ભીતરમાંથી થતો સદ્‌ગુણોનો વિકાસ જે તેનાં આત્માની પહેચાન કરાવે છે. જ્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાઈ જાય છે ત્યારે જ ઈશ્વરની પ્રાપ્તિ થઈ જાય છે, પરંતુ એ માટે સત્યને માર્ગે યાત્રા કરવાની હોય છે.

ફ્રાન્સના મહાન નવલકથાકાર વિક્ટર હ્યુગો, મહાભારતનાં વેદ વ્યાસ, ચાણક્ય, ચાર્લ્સ ડિકન્સ હોય કે પરમાત્મા મહાવીર સુધીના આપણાં તીર્થંકર ભગવંતો સહુએ એક જ સૂરે કહ્યું છે કે, 'ઈશ્વરની પ્રાપ્તિ માટે સત્યના માર્ગે જ ચાલવું પડે.' ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર પણ માને છે કે, 'ધર્મનો માર્ગ એ સત્યની શોધનો માર્ગ છે.' માત્ર મંદિરમાં સામે દેખાતી ઈશ્વરની મૂર્તિ જોતાં એવું અનુભવીએ છીએ કે જાણે ઈશ્વર પ્રાપ્ત થઈ ગયો. સત્ય એ છે કે, ઈશ્વર પ્રાપ્તિની યાત્રા તો ઘણી લાંબી છે.

એક ભિક્ષુણી હતી, તે સંન્યાસી જેવી હતી જીવન સંપૂર્ણપણે ધર્મમય હતું. સાદગીથી રહેતી. ઈશ્વરની નાની મૂર્તિ તેની પાસે હતી, તેની પૂજા આરાધના - જાપ વિગેરે કરતી. મૂર્તિને પંચામૃતથી પ્રખાલીને ધૂપ-દીવો તો અવશ્ય કરતી પણ ધૂપ એવી રીતે કરતી કે ધૂપની ધ્રુમસેર મૂર્તિના મુખ પરથી ઉપર જતી ભિક્ષુણીનાં મનમાં એવો ભાવ રમતો કે ધૂપની સુગંધ ઈશ્વરનાં નાક પાસેથી જાય તો ઈશ્વર પણ સુગંધ માણી શકે, ભિક્ષુણીની ઝૂપડી પાસેથી પસાર થતાં અનેક લોકો આ મૂર્તિના દર્શન કરતાં, તેઓને ખ્યાલ આવતો કે આ ધૂપ ખોટી રીતે થઈ રહ્યો છે. કોઈકે ભિક્ષુણીનું ધ્યાન પણ ખેચ્યું, પરંતુ તે આ વાત માનવા જ તૈયાર નહોતી. તે સૌને સમજાવતી કે મારા ધૂપની સુગંધ માણીને તો ઈશ્વર મને પ્રાપ્ત થયા છે તે મારા પર રાજી રાજી છે. કોઈને પણ ભિક્ષુણીની આ વાત માન્ય નહોતી સહુએ મૌન સેવી લીધુ. એક વહેલી સવારે ભિક્ષુણીએ મૂર્તિ પૂજા કરવાની તૈયારી કરી. તો અચાનક તેની નજર મૂર્તિના મુખારવિંદ પર પડેલ જેવું તો મૂર્તિનું મુખ એકદમ શ્યામ પડી ગયું હતું. તે ખુબ રડવા માંડી એ જ સમયે ત્યાં માર્ગ પરથી એક સંન્યાસી આવી રહ્યા હતા. ભિક્ષુણી તેમની પાસે દોડી અને પોતાની ઝૂપડીમાં લાવી ઈશ્વરની મૂર્તિ બતાવી, પોતાની ભાવના બતાવી કે ઈશ્વરને પ્રાપ્ત કરવા તે આ રીતે રોજ પૂજા કરતી.

સંન્યાસી આ અબુધ, અજ્ઞાની ભિક્ષુણીની હાલત જોઈ મંદ મંદ મલકાયા અને કહ્યું કે, આવી રીતે ઈશ્વરની મૂર્તિની પૂજા કરવાથી ઈશ્વર ન મળે એમના જેવા ગુણોને કેળવવા પડે. ઈશ્વરનો આત્મા એ તો સત્ય છે અને એનો પ્રકાશ એ જ ચેતના છે.

ઈશ્વર અંગેના આપણા અભિપ્રાયો પણ કેવા અધીરા, ઉતાવળા અને અતાર્કિક છે, જીવનમાં કોઈ મોટો આઘાત આવે એટલે બધો દોષનો ટોપલો ઈશ્વર પર ઢોળી દેવાનો. ઈશ્વર પ્રાપ્તિ માટે નીકળેલો સાધુ કેટલીયે મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં પોતાના લક્ષ્ય પ્રાપ્તિ સુધી પહોંચે છે, સત્યની સાથે જ કરૂણા, દયાભાવ, મૈત્રી, અનુકંપા હૃદયમાં રાખીને રાગ-દ્વેષ, મોહ-માયા, લોભ-ક્રોધ જેવા કષાયો પર જીત મેળવે છે. ઈશ્વરે બતાવેલા માર્ગ પર જ ચાલે છે. 'જીવો અને જીવવા દો'ની ભાવના સાથે ઉદાર મન-વચન કાયાથી સર્વે જીવોને માફી આપતો જ રહે છે. કોઈ ફરિયાદને સ્થાન નહીં અને સહુને સુખી કરવાની ભાવના જેનામાં હોય એને જ ઈશ્વર પ્રાપ્ત થાય છે. મૂર્તિની પૂજા કરતાં કરતાં જ નિજગુણ પ્રાપ્ત થાય તોજ ઈશ્વર મળે.

❑ ભારતી બી. શાહ

# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત ટ્રેડફેર અહેવાલ

"A creative man is motivated by the Desire to Achieve not by the desire to beat others"

વિશ્વકર્મા બાગ - વિલેપાર્લા (વે)થી શરૂ થયેલ **ટ્રેડફેરની ગાથા, ૧૬ ઓક્ટોમ્બર, ૨૦૨૨ના** રોજ ચોથા માઈલ સ્ટોન સાથે, સુંદર આયોજન અને લાજવાબ વ્યવસ્થા તેમજ ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટ સમિતિના અગાધ પ્રયત્નો સાથે સંપન્ન થયો.

પ્રમુખશ્રી દાનેશભાઈની દુરંદેશીથી શરૂ થયેલ ટ્રેડફેર નામની ક્રિએટીવીટી દરેક પટ્ટણીને સ્વાવલંબી બનાવી સમાજને ઝળકાવવાનો સુંદર પ્રયાસ છે. Patani for Patani ના નારા સાથે શરૂ થયેલ આ પ્રયાસ દરેક પટ્ટણીને પોતાની આગવી ઓળખ અને સફળતાનુ સોપાન સર કરવાની એક સુંદર અને અગત્યની તક પુરી પાડે છે. ટ્રેડફેર જેવા પ્રોફેશનલ પ્લેટફોર્મના માધ્યમ દ્વારા દરેક પટ્ટણી પોતાના પ્રોફેશન, સર્વીસ, પ્રોડક્ટ તેમજ કળા-કારીગરી મારકેટીંગ રજૂ કરી ખુદ્દારી અને ખમીરાઈનું સાહસ પુરવાર કરી શકે છે. આ સાહસ માટે દાનવીરો પણ આયોજકોને મોરલ સપોર્ટ આપી Double Engineની શક્તિનો પુરાવો આપે છે.

ખરા અર્થમાં ગ્રાઉન્ડ લેવલના જરૂરી કાર્ય માટે **શ્રીમતી જયશ્રીબેન નરેશભાઈ નવનીતલાલ શાહ** (ભાભાનો પાડો) પરિવારે મુખ્ય દાતા તરીકે લાભ લઈ શ્રી પાટણ જૈન મંડળ તેમજ દરેક કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારી દીધેલ. તેની સામે દાંડિયા રાસ તથા ટ્રેડફેરના બન્ને ઈવેન્ટના આધાર સ્થંભ દાતા પરિવારો - **શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી** (સાલવી વાડો), **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)** (કનાસાનો પાડો), **શ્રીમતી હસુમતીબેન રમેશચંદ્ર શાહ** (ડંક મહેતાનો પાડો), **શ્રીમતી કિન્નરીબેન દિપકકુમાર શાહ** (ડંક મહેતાનો પાડો), શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો), **શ્રી રમેશભાઈ છબિલદાસ ઝવેરી** (મનમોહનજીની શેરી), **શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ શાહ** (ભાભાનો પાડો) તેમજ **શ્રીમતી તૃશાલીબેન સૌરીનભાઈ શાહ**(ઢંઢેરવાડો) દ્વારા અપાયેલ ઉદાર આર્થિક સહયોગ બદલ આભાર માનીએ તેટલો ઓછો છે.

શ્રીમતી હિનાબેન ચેતનભાઈ શાહના નવકાર મંત્રના પઠનથી શરૂ કરી ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટના માનદ્‌મંત્રી **શ્રી નિખિલભાઈ બેન્કરના** ઉમળકાભેર અને Moral Boosing આવકારથી ઉદ્‌ઘાટન સમારોહમાં જોશ ભરાઈ ગયું. સંસ્થાના First Vice President તેમજ સમિતિના કન્વીનર **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** દ્વારા દરેક દાતાઓનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ, સાથોસાથ મંડળના હોદ્દેદારો દ્વારા દાતા પરિવારોનું પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે **પ્રમુખશ્રી દાનેશભાઈ માટલીવાળાના** ઉદ્‌બોધનમાં સમાજને નવી ઉંચાઈ પર લઈ જવાની દીર્ઘ દ્રષ્ટિ એક અલગ ઓળખ ઊભી કરી ગઈ.

આ વખતના આયોજનમાં Premium Category Section બનાવી જ્વેલેરી, પટોળા, કપડા તેમજ પ્રોફેશનલ સર્વીસના સ્ટોલ ધારકોને uniqueness આપવાનો સુંદર પ્રયાસ સરાહનીય રહ્યો. General Categoryના સ્ટોલ ધારકોને પણ wide gangway અને મોકળાશ માટેનો સંતોષ ચરમ સીમાએ હતો. અલગ અલગ વેરાયટીના કપડા, પાટણના પટોળા, ડાયમંડ જ્વેલેરી, ઈમીટેશન જ્વેલેરી, પર્સ, એજ્યુકેશન અને ફાઈનાન્સીયલ મેનેજમેન્ટની જાણકારી અને રજાની મઝા માટે ટ્રાવેલ અને ટુર્સ માટેના સ્ટોલ ધારકોએ અતિ ઉત્સાહથી, ધારણા મુજબ પોતાના વ્યવસાયને રજૂ કરી સફળતા પ્રાપ્ત કરી. Food Courtમાં પણ ઘરગથ્થુ રસોઈ બનાવી આપણાજ પટ્ટણીઓએ વ્યાજબી દરે વિઝિટર્સને મીજબાની કરાવી. દરેક પાર્ટીસિપેન્ટ દ્વારા ભવિષ્યમાં પણ સ્ટોલ ધારકોનો સંપર્ક સાધી લાભ આપી શકાય તે માટેની ડિરેક્ટરી વિઝિટર્સને વિશેષ જાણકારી માટે આપવામાં આવી હતી.

ટ્રેડફેરના સ્ટોલ ધારકોની પ્રકાશિત થયેલી ડિરેક્ટરી સંસ્થાના મુખ્ય કાર્યાલય ખાતે ઉપલબ્ધ છે.

ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટ સમિતિ દ્વારા અત્યાર સુધી આપેલ વાયદાઓની ઉપર જઈ વધુ સારી રીતે આયોજન કરવાની પ્રતિબદ્ધતા જાળવી રાખેલ છે, જેના પરિણામ સ્વરૂપ જ આ ચોથા ટ્રેડફેરને ખુબ જ સુંદર પ્રતિસાદ સાંપડ્યો જે માટે **વાઈસ પ્રેસિડન્ટ/કન્વિનર શ્રી જનકભાઈ, માનદમંત્રીઓ શ્રી નિખિલભાઈ બેન્કર, શ્રી સંજયભાઈ સુધીરભાઈ, માનદમંત્રી (એડ) શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, ડીજીટલ મેનેજમેન્ટ ટીમના પ્રચાર અને પ્રસાર માધ્યમથી થયેલ પ્રસિદ્ધિ બદલ શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ, શ્રી દિશાલી શાહ, શ્રી નીધી શાહ, શ્રી જીગરભાઈ શાહ, સમિતિના એડવાઈઝર શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ** ઈત્યાદિનું યોગદાન અનન્ય રહ્યું.

કોઈપણ પ્રસંગની સફળતા તેની આયોજન ટીમની કપરી તપશ્ચર્યા તેમજ પર્સનલ ભોગથી જ દીપે છે. ટ્રેડફેરનું શ્રેય અગર આપવું પણ હોય તો તે અથાગ મહેનત માટે **માનદમંત્રી એડમીન શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ અને શ્રી હીતેશભાઈ જશવંતલાલ શાહ તથા શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ, શ્રી ચિરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ,**

**શ્રી મિલનભાઈ બિપિનચંદ્ર શાહ, શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ, શ્રી વિજયભાઈ નવનીતલાલ શાહ** વિગેરે દ્વારા અપાયેલ ઉપયોગી માર્ગદર્શન અને સંપૂર્ણ સમયની ઉપસ્થિતિ સહીત બજાવેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ખુબ ખુબ આભાર.

સંસ્થા દ્વારા યોજાયેલ આ ટ્રેડફેરમાં નાના-મોટા સહુ મળી ૧૨૦ સ્ટોલોનું આયોજન રાખવામાં આવેલ જેનો સમાજના ૫૩૦૦ પટ્ટણી ભાઈ-બહેનો દ્વારા સમગ્ર દિવસ દરમ્યાન મુલાકાત લઈ તેમજ ખરીદી કરી સ્ટોલ ધારકોને જરૂરી પીઠબીળ પુરૂ પાડવામાં આવેલ.

ટ્રેડફેર જેવા મોટા આયોજન હોય તેમાં સમિતિના સભ્યો, સંસ્થાના હોદ્દેદારો ઈત્યાદી ઉપરાંત સંસ્થાના કાર્યાલયના કર્મચારીઓ, મેનેજર **શ્રી મનુભાઈ જોશી, શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયા, શ્રીમતી પ્રિયાબેન શાહ** તથા અન્ય કર્મચારી ગણ તરફથી હંમેશની માફક ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયેલ તે બદલ તેઓ સર્વે પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવે છે.



દિપ પ્રાગટ્ય




દાતાશ્રીનું અભિવાદન










દાતાશ્રીનું અભિવાદન










દાતાશ્રીનું અભિવાદન







DIVINE
FOODS
PICKLES
SNACKS
COOKIES


ZOBIYO.COM - LUXURY ART HOUSE


IRASVA








DREAM UNI

DEEPA ZAVERI
AVANI SHAH
HINA SHAH


DIVINE FOOD
Mood Lift Foods





**ટ્રેડફેરના દાતાઓ, હોદ્દેદારો તથા કાર્યકરો**

❑ **ઈકોનોમિક અપ્લિફટમેન્ટ સમિતિ**

## પ્રેમ

એક ઘરમા પતિ-પત્ની વચ્ચે ઝઘડો થઈ ગયો. કારણ હતું પુરુષનું મોડા ઘરે આવવું પરંતુ એનો બિચારાનો ધંધો જ એવો હતો કે વહેલા આવવું એના માટે શક્ય જ નહોતું, પોતાની ફેક્ટરીમાં હજાર કામનું ધ્યાન રાખવામાં સાંજમાંથી રાત ક્યારે પડી જતી હતી એનો ખ્યાલલ નહોતો રહેતો. જ્યાં આ તરફ એની પત્ની ફરવાની, ચાલવાની તથા સાંજના સમયે બગીચામાં વિહરવાની શોખીન હતી. પતિ એટલો બધો મોડો આવતો કે એમાનું કંઈ પણ શક્ય ન બનતું. બસ, આટલા કારણે એ ગુસ્સામાં જ રહેતી અને રોજ રોજના ગુસ્સાઓ દિવસે મોટા ઝઘડાનું સ્વરૂપ લઈ લીધું હતું.

પત્નીએ એ દિવસે પોતાના મનની બધી જ ભડાશ કાઢી નાખી. પતિ બિચારો વચ્ચે વચ્ચે એકાદ બે વાક્યો બોલતો બાકી તો પત્ની જ ધાણીફૂટ બોલ્યે જતી હતી. ઝઘડો થોડા કલાક પછી શાંત થયો પરંતુ બન્ને વચ્ચે અબોલા થઈ ગયા.

દસેક દિવસ એમ જ વીતી ગયા. એ પછી પતિથી ન રહેવાયું એને કાગળમાં લખીને પ્રસ્તાવ મૂક્યો કે બન્નએ ડાઈનિંગ ટેબલ પર ભેગા થવું, પછી એકબીજા અંગે જે કંઈ કહેવું હોય તે ફુલસ્કેપ કાગળ પર લખવું. પછી એ કાગળ એકબીજાને આપી દેવો. પત્નીએ એ માટે સંમતિ આપી.

એ દિવસે બપોરે બન્ને ડાઈનિંગ ટેબલ પર એકઠાં થયાં. પત્નીએ કાગળ લઈ ઘડાધડ લખવા માંડ્યું. લગભગ પોણો કલાક સુધી એણે ઊંધુ ઘાલીને લખ્યે જ રાખ્યું કે મને તારું આ નથી ગમતું, તે નથી ગમતું, તે નથી ગમતું, તું મોડો આવે છે એ નથી ગમતું, તું મોડો આવે છે એ નથી ગમતું, મારી ફલાણી આદત તારે બદલવાની જરૂર છે, સુધરવાની જરૂર છે વગેરે વગેરે! ઘણી બધી વાર સુધી લખ્યા પછી એણે ઊંચું જોયું તો એનો પતિ એની સામે જોઈ, પેન બંધ કરીને બેઠો હતો. એને નવાઈ લાગી, પરંતુ અબોલા હતા એટલે પૂછાય શી રીતે ? એ થાકી ગઈ ત્યાં સુધી લખ્યું. પછી બન્નેએ પોતપોતાના કાગળની આપ-લે કરી.

પત્નીએ પતિનો કાગળ લઈન જોયું તો એમાં ફક્ત એક જ વાક્ય લખ્યું હતું, 'આઈ લવ યુ! વહાલી હું તને ખુબ જ ચાહું છું, બસ! એનાથી વિશેષ કંઈ પણ નહીં!'

પત્ની સ્તબ્ધ થઈ ગઈ. દોડીને પોતાના લખેલા ફુલસ્કેપ કાગળો પતિના હાથમાંથી આંચકી લઈને એણે ફાડી નાખ્યા. પછી પતિના હાથ પકડીને ભીની આંખ એણે એની સામે જોયું. જાણે એ જ વાક્યોનો પડઘો પાડતી ન હોય!

**ડૉ. આઈ.કે. વિજળીવાળા**

# જીવન મહેક સમિતિ દ્વારા યોજાયેલ યુવા-યુવતી પરિચય મિલન

જીવનસાથી સાથેનો સંબંધ જ માત્ર એક એવો સંબંધ છે, જે ઈશ્વરે આપણને આપણી પસંદગીથી આપ્યો છે. જીવનસાથીની પસંદગી કરવી એ ઘણું જ મહત્વનું કાર્ય છે, કારણ કે એમાં આપણી આખી જીવન યાત્રાનો સવાલ હોય છે. અને જો સારું પાત્ર પસંદ કરીએ તો જ આપણું જીવન સરળ અને સહજ બને. જીવનસાથીની પસંદગી વખતે એવા પાત્રને પસંદ કરવો જોઈએ કે જે તમારી હેરસ્ટાઈલ વિશે નહીં પણ લાઈફ સ્ટાઈલ વિશે પૂછે, જે તમારા શોખ નહીં પણ સંસ્કાર વિશે પૂછે કારણ કે...

**''ઘરમાં જો સંસ્કાર ન હોય તો બાકી બધુ બેકાર છે,**
**જીવનમાં જો ખોટા પાત્રની પસંદગી થઈ ગઈ, તો જીવન પણ બેકાર છે.''**

શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ દ્વારા સમાજનાં અપરિણિત યુવક-યુવતિઓ માટે Meet and Meet કાર્યક્રમનું આયોજન તા. ૧૬, ઓક્ટોબર, ૨૦૨૨ના સહારા સ્ટાર ખાતે કરવામાં આવ્યું હતું, તેમાં અંદાજીત ૧૫૦ થી ૧૭૦ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

**શ્રીમતી શિલ્પાબેન હિતેનભાઈ વિમાવાળા** દ્વારા નવકાર મંત્રનું પઠન કરવામાં આવ્યું હતું ત્યારબાદ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. પ્રોગ્રામના પ્રારંભમાં ઉપપ્રમુખ **શ્રી હિતેનભાઈ શાહ** દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઉપસ્થિત યુવા-યુવતિઓને જણાવ્યું હતું કે, 'આધુનિક યુગમા સમાજ-જ્ઞાતિ તૂટતા જાય છે, તેવા સંજોગોમાં આપણે આપણી જ્ઞાતિના નવ યુવક-યુવતિઓનું સમાજમાં જ સંકલન કરવું ખુબ જ જરૂરી બને છે. આવા જ વિચારોથી પ્રેરાઈને શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આજે જીવન મહેક ગ્રુપ દ્વારા એક નવા વિઝન સાથે સ્નેહમિલનના આયોજનમાં ઉપસ્થિત યુવા-યુવતિઓ એકબીજાનો પરિચય કેળવી શકે અને યોગ્ય મન પસંદ જીવનસાથીની પસંદગી કરી શકે તેવી અમારા સર્વેની આપ સહુને શુભેચ્છા છે, આપ સર્વેએ આ કાર્યક્રમને સફળતા અપાવી છે તે માટે સહુને અભિનંદન.'

સંસ્થાના પ્રથમ ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહે** પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને ઉપસ્થિત યુવા-યુવતિઓને શુભેચ્છા આપી હતી.

સમિતિના મંત્રી **શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ અને શ્રીમતી હેમાબેન દર્શનભાઈ** દ્વારા પણ જીવન મહેક ફ્રેન્ડશિપ ગ્રુપનું વિઝન સમજાવ્યું હતું. આ અવસરે **શ્રીમતી ફાલ્ગુનીબેન એમ. શાહ** (લીમડીનો પાડો) દ્વારા વિવિધ પ્રકારની ગેમ્સો રમાડવામાં આવી હતી.

આમંત્રિત મહેમાનો **શ્રી જશવંતભાઈ એમ. શાહ** (ટ્રસ્ટી), ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ એ. શાહ, શ્રી હેમંતભાઈ કે. સાલવી, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, સંસ્થાના મંત્રી શ્રી દેવેશભાઈ આર. શાહ, શ્રી અમીતભાઈ એસ. શાહ,** ફાઈનાન્સ સમિતિના **શ્રી જ્યોતિન્દ્રભાઈ દેવડાવાળા** વિગેરે ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે હોલની અંદર ફક્ત યુવક-યુવતિઓને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેથી તેઓ એકબીજાનો પરિચય પામી શકે. **શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહે** યુવા-યુવતીઓને શુભેચ્છા આપી હતી તથા કાર્યક્રમના અંતમાં સમિતિના મંત્રી **શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહે** આભાર માન્યો હતો.

❑ **જીવન મહેક સમિતિ**











# નૂતન વર્ષ સ્નેહ સંમેલન સમારંભ અહેવાલ






દાતા પરિવારનું અભિવાદન

શ્રી પાટણ જૈન મંડળ અને **શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ)ના** સયુક્ત ઉપક્રમે **તા. ૫ નવેમ્બર, ૨૦૨૨ના શનિવારે,** ગરવારે ક્લબ હાઉસ ખાતે નૂતન વર્ષ સ્નેહ સમ્મેલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભવ્યાતિભવ્ય ડેકોરેશન, બધીજ સુવિધાઓથી સજ્જ હોલ, હાઈ ટી સાથે પ્રોગ્રામ સમિતિના ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ શાહ,** સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન અને શ્રી કલ્પેશભાઈ ઝવેરીએ** આ પ્રોગ્રામને ચાર ચાંદ લગાવી દીધા હતા. ૮૦૦ થી વધુ પટણીઓએ આમાં હાજરી પૂરી હતી. આખા ચારેય હોલ અને પેસેજમાં મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક સમાજના લોકોએ ભાગ લીધો હતો.

પ્રોગ્રામની શરૂઆત નવકાર મંત્રથી શરૂ થઈ. સ્પીકર **શ્રીમતી રાશી મોદી** દ્વારા ઉલ્લાસ, ઉત્સવ, ઉમંગથી ભારતીય હોવા ઉપર સ્પીચ આપી હતી. ત્યારબાદ **શ્રી રોહિતભાઈએ** બધાને આવકાર આપ્યો હતો, મંડળના **પ્રમુખશ્રી દાનેશભાઈએ** પ્રાસંગિક પ્રવચન તેમજ પ્રથમ ઉપપ્રમુખ**શ્રી જનકભાઈએ** તેજ દિવસે થયેલ જુદી જુદી સખાવતો જાહેર કરી હતી.

આ દિવસ બે રીતે શુભ હતો કારણ કે તે દિવસે જ પાટણની લખિયારવાડાની દીકરી **મુમુક્ષુ કુમારી નિષ્કાબેન** તે **નિશીતભાઈ અને ચિનારબેનની દીકરી** જે દિક્ષા લેવાની છે તેનું સન્માન કરવાનો લાભ મળ્યો. **કુમારી નિષ્કાની** સ્પીચ પણ ખુમારીથી ભરેલી હતી તેનું બહુમાન કંકુ ચોખા, માળા શ્રીફળ, શાલ અને સન્માન પત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. સાથોસાથ **ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો) રૂા. ૩૧ લાખ, શ્રી બિપિનચંદ્ર રમણલાલ ઝવેરી (રાણીવાલા) રૂા. ૧૧ લાખ (ખડાખોટડીનો પાડો), શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો) રૂા. ૯ લાખ, શ્રી અતુલભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)ના સ્મરણાર્થે રૂા. ૯ લાખ, શ્રી કમલેશભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી) રૂા. ૫ લાખ તેમજ શ્રીમતી દમયંતિબેન મંગળભાઈ શાહ પરિવાર (લખિયારવાડો) રૂા. ૫ લાખ** મળી કુલ રૂા. ૭૦ લાખની સખાવત જાહેર કરનાર દાતાઓનું મંડળના હોદ્દેદારોના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું. આ ઉપરાંત **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ દ્વારા રૂા. ૧.૨૫ લાખની** સખાવત અર્પણ કરવામાં આવી.

આ પ્રસંગે હાજર રહેલ દાતા પરિવારના **શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ, શ્રીમતી પારુબેન સુનીલભાઈ શાહ, શ્રી વિશાલભાઈ સુનીલભાઈ શાહ અને શ્રી વરુણભાઈ અને શ્રીમતી રીતીકા વરુણભાઈ શાહનું** પુષ્પ ગુચ્છ વડે અભિવાદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ખૂબ જ અલગ રીતે લકી ડ્રો દ્વારા ૩૦ જણને બોલપેન ઈનામમાં આપવામાં આવેલ. વોટ ઓફ થેન્કસ **શ્રી કલ્પેશભાઈ ઝવેરી** દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે **શ્રી દાનેશભાઈએ** સમુહ લગ્ન નહીં પણ સ્વમાન ભેર લગ્નનું નવલુ નઝરાણું લોકો સમક્ષ પ્રસ્તુત કર્યું હતું. **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈએ રાશી મોદીનું** અભિવાદન કરેલ. **શ્રીમતી કલ્પનાબેન, શ્રીમતી નયનાબેન, શ્રીમતી કેતકીબેને મુમુક્ષુ ચિ. નિષ્કાને ખૂબ આશિષ આપેલ. શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ પી. શાહ** દ્વારા આ નિમિત્તે ગીત ગાઈને જાણે સોનામાં સુગંધ ભેળવી દીધી હતી. **શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહ,** સંસ્થાના પૂર્વપ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ, ડૉ. યશવંતભાઈ ઝવેરી, શ્રી દિપકભાઈ આર. શાહ, શ્રી અશ્વીનભાઈ, શ્રી નિખિલભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી હેમંતભાઈ સાલવી** વિગેરે આ પ્રોગ્રામમાં હાજર રહ્યા હતા.

રાત્રે ૮.૩૦ કલાકે સ્વાદિષ્ટ ડિનરનો આનંદ માળી 'આવજો વ્હાલા પાછા મળીશું'ના વાયદા આપી સહુ છૂટા પડ્યા. ❑

**પ્રોગ્રામ સમિતિ**



મુમુક્ષુનું અભિવાદન



મુમુક્ષુને અભિવાદન પત્ર એનાયત કરતા હોદ્દેદારો



મુમુક્ષુ નિષ્કા



સમિતિના માનદમંત્રીઓ



શ્રી રાજ કે. પુરોહીતનું અભિવાદન



શ્રીમતી રાશી મોદી





દાતાશ્રીઓનું અભિવાદન



દાતાશ્રીનું અભિવાદન



સંસ્થાના હોદ્દેદારો તથા દાતા પરિવાર



ઉપસ્થિત ભાઈ-બહેનો



લક્કી ડ્રો વિજેતા

## FOR EYE DONATION

Within 6 hours of Death and
No Donation of Eyes Cancer Patient

**Contact :**

Navnit Shah Eye Bank : Mo. 9820003937
Mr. Kamal Shah : Mo. 9820063762


AAROGYA 365
YOUR HEALTH PARTNER 24*7/365

Now Fasting Blood Sugar @ ₹10/- Only

Every Order of Min. ₹1600/patient @ Home or Office: 1 Visit FREE*

M: 9031 247 365

•BORIVALI •GOREGAON •MIRA RD

ADVT

# શ્રી પાટણ જૈન મંડળ યોજિત PPL Cricket Tournament Auctions





**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત વર્ષ ૨૦૨૨-૨૦૨૩ની PPL Cricket Tournament Auctions તા. ૯ નવેમ્બર, ૨૦૨૨ના** કિનોસ કોટેજ વરસોવા ખાતે સ્પોર્ટ્સ સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે Postel & Floral Dress Code રાખવામાં આવ્યા હતા. શરૂઆતમાં બધા સ્પોન્સરર અને ટીમ ઓનર્સનું સ્વાગત મુખ્ય સહયોગી દાતા **શ્રી સૌરીનભાઈ રાજેન્દ્રભાઈ શાહ** અને **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહે** કર્યું હતું. દરેકે દરેક મહેમાનોને Hawaian Garland પહેરાવવામાં આવી હતી.

વરસોવા ખાતે કિનોસ કોટેજમાં પ્રવેશતા જ જાણે ગોવા પહોંચી ગયા હોય એવો માહોલ લાગતો હતો. દરિયા કિનારે ટેબલ, ખુરશી, એલઈડી ગોઠવવામાં આવી હતી. This was definately "one of its kind" Celebration cum Auction લાગતું હતું. વધુમાં દરેક મહેમાનોને નાળિયેર પાણી આપવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સ્પોર્ટ્સ સમિતિના **શ્રી હર્ષભાઈ શાહે** માઈકનું સુકાન સભાળ્યું હતું, ત્યારબાદ પ્રમુખ **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહે** બધાને આવકારતા ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ,** માનદમંત્રી સ્પોર્ટ્સ સમિતિ **શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ, શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ અને સહમંત્રી શ્રી મેહુલભાઈ નવિનચંદ્ર શાહ, શ્રી કેતનભાઈ બિપિનભાઈ શાહ તેમજ સમિતિના સભ્યો શ્રી હર્ષલભાઈ સંજયભાઈ શાહ, શ્રી નિશિતભાઈ ભુપેન્દ્રભાઈ શાહ, શ્રી પરાગભાઈ રજનીકાંતભાઈ શાહ, શ્રી મિતેશભાઈ સુરેશચંદ્ર શાહ, શ્રી અભિષેકભાઈ ગૌતમભાઈ શાહ** વગેરેના કામને બિરદાવ્યું હતું. શ્રી રોહિતભાઈએ પોતાની સ્પીચમાં આ કાર્યક્રમ માટેના દરેક સ્પોન્સર્સનું અભિવાદન કર્યું હતું. ત્યારબાદ તેઓ સર્વેનું સંસ્થાના હોદ્દેદારો દ્વારા ટ્રોફી આપીને બિરદાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે **ઉપપ્રમુખશ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી** પણ હાજર રહ્યા હતા.

**આ પ્રસંગે SPS Super Stars ના શ્રી સંદિપભાઈ પ્રમોદભાઈ તેલિયાવાળા, SK Strikersના શ્રીમતી નીતાબેન કેતનભાઈ શાહ તથા ગૌરવ સતીષભાઈ શાહ, Irasva Straz ના શ્રી ભુપેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ શાહ, MTM Ridersના શ્રી કમલેશભાઈ પ્રેમચંદ શાહ, Kusum Warriorsના શરદભાઈ કુસુમચંદ્ર શાહ, Physionis Smashersના શ્રી મિતેશભાઈ અને શ્રી નિર્વાણભાઈ શાહ ઈત્યાદિ દાતા પરિવાર સહ ઉપસ્થિત રહ્યા હતા.**

દરેક ટીમના Icon Players તેમના ટીમ ઓનર્સ સાથે હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

**વધુ માટે જુઓ પાના નં. ૧૩**



**SPS SUPER STARS**



**PHYSIONIS SMASHERS**



**MTM RIDERS**




# પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજાની સમાધિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

જન્મ તો બધાના થતાં હોય છે, પરંતુ એમાંથી ઘણાના જન્મ આ સંસારચક્રના જન્મ-મરણની પરંપરામાં વધુ એક જન્મનો ઉમેરો કરતાં હોય છે, તો કેટલાંક જ વિરલ વિભુતિઓના જન્મ આ સંસારચક્રના જન્મ-મરણની પરંપરામાં એક જન્મની બાદબાકી કરતાં હોય છે. આવા વ્યક્તિત્વને ધારણ કરનાર વિરલ વિભૂતિ એટલે સંસારીપણે પાટણના કેશુશેઠના પાડાના પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજ સાહેબ!

પૂજ્ય ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે ગુરુદેવશ્રીને આચાર્યપદની સાથે **'સિદ્ધાંત દિવાકર'નું** બિરુદ આપી પૂજ્યપાદશ્રીની જ્ઞાનસમૃદ્ધિનું સન્માન કર્યું.

શાસ્ત્રસંબંધી કોઈપણ પ્રશ્ન લાવો, પૂજ્યપાદશ્રી પાસે શાસ્ત્રપાઠ સાથે સમાધાન હાજર જ રહેતું. **એટલે જિનશાસનમાં પૂજ્યપાદશ્રી આગમોની મોબાઈલ લાઈબ્રેરી તરીકે પ્રસિદ્ધ હતા.**

ગંભીરતા અને ગીતાર્થતા, વૈરાગ્ય અને વાત્સલ્ય, પુણ્ય અને પ્રભાવ... ગુણસમૂહના બળે પૂજ્યપાદશ્રીએ 'પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાય'ને ૬૦૦થી વધુ શ્રમણ-સંપદાથી સમૃદ્ધ બનાવ્યો તો, ૨૭ વર્ષ સુધી આચાર્યપદ સંભાળી શ્રીસંઘના પ્રત્યેક ક્ષેત્રો પર અમાપ ઉપકાર કર્યો. પૂજ્યપાદશ્રીના પચ્ચક્ખાણમાં એટલી તાકાત હતી કે, જેમણે જિંદગીમાં કદાપિ નવકારશીય ન કરી હોય તેઓ પણ પૂજ્યપાદશ્રીના શ્રી મુખે પચ્ચક્ખાણ લઈ રમતાં-રમતાં સિદ્ધિતપ જેવા કઠિન તપને પાર પામી જતા. **તપવિશ્વમાં પૂજ્યપાદશ્રી 'સિદ્ધિતપ'ના બ્રાન્ડ એમ્બેસેડર હતાં!**

કારતક વદ-૧, વિ.સં. ૨૦૭૬ પૂજ્યપાદશ્રીએ આ અવની ઉપરથી દિવ્ય પ્રયાણ કર્યું. તેમની સ્મૃતિ ચિરંજીવ બનાવવાના ઉદ્દેશથી આંબલી-અમદાવાદમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિ મંદિરની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ તા. ૩ થી ૧૧ ડિસેમ્બર,૨૦૨૨ દરમ્યાન યોજાવાનો છે. જેમાં તા. ૩ થી ૮ ડિસેમ્બર,૨૦૨૨ના રીવરફ્રન્ટ ખાતે ભવ્ય રથયાત્રા, વિવિધ ગુરુભગવંતોના મુખે ગુણાનુવાદ, મહાપૂજા, ધાર્મિક નાટિકા, ડાયરો વિગેરે કાર્યક્રમો થશે. અન્ય આયોજનો તા. ૯ થી ૧૧ ડિસેમ્બર,૨૦૨૨ શ્રી લબ્ધિ નિધાન જૈન શ્વે. મૂ. સંઘ આંબલી મુકામે યોજાશે. તા. ૧૧ ડિસેમ્બરના શુભ મૂહર્તે પૂજ્ય ગુરુભગવન્તની પ્રતિષ્ઠા ૧૨૦૦થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતો અને હજારો ગુરુ ભક્તોની હાજરીમાં થશે. આ નિમિત્તે પાટણમાં અને અમદાવાદના વિવિધ શ્રી સંઘોમાં મીઠાઈનું વિતરણ, જ્ઞાન ભંડારોના સંચાલકો, ધાર્મિક શિક્ષક શિક્ષિકાઓના બહુમાન, અનેક પરિવારોની સાધર્મિક ભક્તિ, જીવદયા, અનુકંપા વિગેરે અનેક સુકૃતો કરવામાં આવશે.

******

**પાના નં. ૧૨ થી ચાલુ**



IRASVA STARZ



KUSUM WORRIORS



SK STRIKERS

સવારે ૧૧ કલાકે ચાલુ થયેલ ઓકશન બપોરે ૨.૩૦ કલાકે લંચ વિરામ બાદ પાછું શરૂ થયું હતું અને ૬ કલાકે પુરું થયું હતું.
બધાંજ આમંત્રિતોએ મોકટેલ તથા સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.
દરેક ટીમ ઓનર અને સમિતિ મેમ્બર વચ્ચે મજબુત સંયોગ દ્વારા વાતાવરણ ખુશનુમાં રહ્યું હતું.
ટોટલ ૧૦૮ પ્લેયર્સોનું ઓકશન થયું અને બધાજ ઓનર્સ પોતાની Squad થી ખુશ હતા.
ઓકશનના અંતે ઉપસ્થિત સહુ જનો આનંદ માણતા છૂટા પડ્યા હતા.

**Require Sponsors : Broad Casting and Food Partner**

**For more details Contact :**

**Vinesh Shah : 9322256255 • Kamleshbhai Shah : 9820045595 • Pareshbhai Shah : 9820072631**

❑ **સ્પોર્ટ્સ સમિતિ**

Shree Patan Jain Mandal

## SHREE PATAN JAIN MANDAL

# PATAN INDOOR OLYMPICS 2022

TITLE SPONSOR

THE ROYALEUM ATELIER

## THE MOST AWAITED INDOOR OLYMPICS GAMES ARE BACK




### 3 DAYS EVENT

**VENUE: NSCI, WORLI** | **DATE : 17TH, 18TH & 24TH DECEMBER**

## REGISTRATIONS HAVE STARTED, DON'T MISSOUT TO REGISTER!

**DATES : 17th , 18th & 24th December, 2022**
**VENUE : NSCI WORLI, MUMBAI**

**OUR VALUED SPONSOR :**

| | | |
|---|---|---|
| Title Sponsor | : | ROYALEUM ATELIER - DHAVALBHAI SHAH |
| Co Sponsor | : | KETANBHAI HASMUKHLAL SHAH |
| Jersey sponsor | : | ZNL - SHREE DANESHBHAI MATLIWALA |

**REQUIRE SPONSORS :** Food Partner • Venue sponsor • Trophy sponsor • Sports kit partner • Hydrating sponsor • Beverages Sponsor

**For more details Contact :**

Vinesh Shah : 9322256255 • Kamleshbhai Shah : 9820045595 • Pareshbhai Shah : 9820072631

# શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક આયોજીત
# અપરિણિત યુવક-યુવતીઓ માટેની પીકનીક







મંડળની જીવન મહેક સમિતિ દ્વારા સમાજનાં અપરિણિત યુવક-યુવતીઓ માટેના ફ્રેન્ડશીપ ગ્રુપમાં જોડાયેલા યુવક-યુવતીઓ માટે **રવિવાર તા. ૦૮-૦૧-૨૦૨૩ના આયુષ રીસોર્ટ, પનવેલ** ખાતે એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવેલ છે, તેમાં ભાગ લેવા ઈચ્છતા ફ્રેન્ડશીપ ગ્રુપના સભ્યોએ આ સાથે **પાના નં. ૧૬** ઉપર છાપવામાં આવેલ ફોર્મ સંપૂર્ણ વિગતોસહ ભરી રૂા. ૫૦૦/- વ્યક્તિ દીઠ (Non refundable) સંસ્થામાં નીચે મુજબના કાર્યાલય ખાતે ભરપાઈ કરવા.

રજિસ્ટ્રેશન ફોર્મ મંડળની વેબસાઈટ patanmandal.org ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે. એક કરતા અધિક ફોર્મની જરૂરત હોય તો આ ફોર્મની ઝેરોક્ષ કરાવી લેવી. આ ફોર્મ નીચે જણાવેલ સંસ્થાના કાર્યાલયોમાંથી પણ પ્રાપ્ત કરી શકશો.

**(૧) શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૮૭૭૯૧૬૧૨૦૯

